પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૫૮ ૧૮ ઓગસ્ટ, ૨૦૧૭, શુક્રવાર ; શ્રાવણ વદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મીશા ભારતી સામે ફરી સમન્સ

ઈન્કમટેક્સ વિભાગે આરજેડીના વડા લાલૂ પ્રસાદ યાદવની પુત્રી મિશા ભારતી અને તેમના પતિ શૈલેષકુમાર સામે નવેસરથી આજે સમન્સ જારી કર્યું હતું અને તેની સમક્ષ સોમવારના દિવસે ઉપસ્થિત થવા માટે આદેશ કરી દીધો છે. સત્તાવાર સુત્રોનું કહેવું છે કે, આ વિભાગ દ્વારા ભારતી અને કુમાર સામે ફોજદારી ફરિયાદ દાખલ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ફોજદારી ફરિયાદ લાલૂ પ્રસાદ યાદવના પત્નિ અને પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી, તેમના પુત્ર અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ સામે પણ દાખલ કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

### એક્સપ્રેસ-વે પર અખિલેશ યાદવની અટકાયત

આગરા-લખનૌ એક્સપ્રેસ વે પર ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવની આજે અટકાયત કરવામાં આવી હતી. અખિલેશ યાદવ પાર્ટીના પૂર્વ ધારાસભ્ય અને સમાજવાદી પાર્ટીના નેતા પ્રદિપ યાદવને મળવા જઈ રહ્યા હતા. પ્રદિપ યાદવને ઓરિયામાં જિલ્લા પંચાયત પ્રમુખની ચૂંટણી દરમિયાન માર મારવામાંઆવ્યો હતો. પોલીસે ગઈકાલે સમાજવાદી પાર્ટીના કેટલાક નેતાઓની ધરપકડ કરી હતી.

# મુંબઈ-દિલ્હી રાજધાની ટ્રેનમાં લાખોની ચોરી

## ૧૭ કલાકના પ્રવાસ દરમિયાન ચોર ટોળકીની સૌથી મોટી ચોરી : ૧૦થી વધારે એફઆઈઆર દાખલ કરવામાં આવ્યા બાદ ઊંડી તપાસ હાથ ધરવામાં આવી : કોટા અને રતલામ સ્ટેશન વચ્ચે ચોરીની ઘટનામાં વધારો



ફાઈલ ફોટો

નવી દિલ્હી,તા. ૧૭

ખુબ જ સુરક્ષિત ગણાતી રાજધાની ટ્રેનના એસી કોચમાં હજુ સુધીની સૌથી મોટી ચોરીની ઘટના બનતા ભારે ખળભળાટ મચી ગયો છે. મુંબઈથી દિલ્હી જઈ રહેલી ઓગષ્ટ ક્રાન્તિ રાજધાની એક્સપ્રેસના સાત ડબ્બામાં ચોરી થઈ છે. આશરે ૨૦ પ્રવાસીની લાખો રૂપિયાની રોકડ રકમ, જ્વેલરી, ઘડિયાળ અને મોબાઈલની ચોરી થઈ છે. રોકડ, જ્વેલરીની લૂંટની ઘટનાથી રેલવે તંત્રની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો છે. મુંબઈથી નવી દિલ્હી વચ્ચે ૧૭ કલાકના પ્રવાસ દરમિયાન ૧૬મી ઓગસ્ટના દિવસે આ દિલધડક ચોરીની ઘટના બની હતી. આ ટ્રેન ૧૫મી ઓગસ્ટના દિવસે મુંબઈથી રવાના થઈ હતી અને શકમંદો ૧૬મી ઓગસ્ટ ત્રણ વાગે ટ્રેનમાં ઘુસ્યા હોવાના અહેવાલ મળી રહ્યા છે. જ્યારે ટ્રેન કોટા ડિવિઝનમાં પ્રવેશી ત્યારે ચોર ટોળકી ટ્રેનમાં ઘુસી ગઈ હોવાની શંકા પ્રવર્તી રહી છે. દિલ્હીમાં ૧૦થી વધુ એફઆઈઆર દાખલ કરવામાંઆવી ચુકી છે. ગયા મહિનામાં પણ રાજધાનીમાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# અંકુશ રેખા નજીક ૧૦૦ બંકર બનાવવાની શરૂઆત

### જમ્મુ કાશ્મીર સરકાર દ્વારા કામગીરી હાથ ધરી : સરહદ પારથી થઇ રહેલા ગોળીબાર તેમજ ખાસ કરીને મોર્ટાર મારાથી બચાવવા માટે બંકરોનુ નિર્માણ કામ શરૂ



જમ્મુ,તા. ૧૭

પાકિસ્તાન સેનાની તરફથી સતત કરવામાં આવી રહેલા અંકુશ રેખા પરના ગોળીબારને ધ્યાનમાં લઈને જમ્મુ કાશ્મીર સરકારે હવે રાજૌરી જિલ્લામાં ૧૦૦ બંકરો બનાવવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય કરવામા આવ્યા બાદ તરત જ બંકરોના નિર્માણનુ કામ શરૂ કરી દેવામાં આવ્યુ છે. સરહદ પારથી થનાર ગોળીબાર અને ખાસ કરીને મોર્ટારના મારાથી આસપાસના લોકોને બચાવી લેવા માટે બંકરોનુ નિર્માણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. રાજૌરીના ડેપ્યુટી કમિશ્નર શાહિદ ઈકબાલે કહ્યુ છે કે નિયંત્રણ રેખાની પાસે નૌશેરા સેક્ટરમાં બંકરોનુ નિર્માણ કામ ચાલી રહ્યુ છે. બંકરોનુ નિર્માણ કામ થઈ ગયા બાદ પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના ભંગના બનાવોમાં અસરકારક રીતે ઘટાડો કરી શકાશે.

# નવી હજ નીતિ ઘડાઈ રહી છે

## વારંવાર હજ યાત્રાએ જવા પર બ્રેક મુકાશે : હજ યાત્રાને સસ્તી, સરળ અને પારદર્શી બનાવવાનો હેતુ દરિયાઈ માર્ગથી હજ યાત્રાને બીજી વખત શરૂ કરવાની પણ તૈયારી : ૨૮મીએ ઉચ્ચ સ્તરીય બેઠક

નવી દિલ્હી,તા. ૧૭

સરકાર નવી હજનીતિ બનાવવા જઈ રહી છે જેમાં એકથી વધુ વખત હજ યાત્રા કરી ચુકેલા લોકો પર પ્રતિબંધ મુકવામાં આવી શકે છે. નવી હજનીતિ ૨૦૧૮નું કામ અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે અને આગામી વર્ષથી હજ યાત્રા આ નવી હજ નીતિ હેઠળ આયોજિત કરવામાં આવશે. નવી હજ નીતિના મહત્વપૂર્ણ મુદ્દાઓમાં દરિયાઈ માર્ગથી પણ હજ યાત્રાને બીજી વખત શરૂ કરવાના વિકલ્પ ઉપર વિચારણા ચાલી રહી છે. નવી નીતિમાં આ બાબત ઉપર ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે કે, વારંવાર હજ યાત્રા કરનાર લોકો ઉપર રોક મુકવામાં આવશે. જીવનમાં એક જ વખત હજ યાત્રા પર જવાની જોગવાઈ કરવામાં આવી શકે છે. લઘુમતિ બાબતોના મંત્રાલયના સુત્રોએ કહ્યું છે કે, નવી હજ નીતિના સંદર્ભમાં જુદા જુદા સંબંધિત લોકો સાથે વાતચીત કરવામાં આવી ચુકી છે. સુપ્રીમ કોર્ટના વર્ષ ૨૦૧૨ના આદેશ મુજબ આ નીતિ લાગૂ કરવામાં આવનાર છે જે હેઠળ હજ યાત્રાને સરળ, સસ્તી અને પારદર્શી બનાવવામાં આવશે. ગરીબ લોકોને પણ હજયાત્રાની તક મળી શકે તેનો હેતુ રહેલો છે. ગરીબ લોકો વારંવાર હજ યાત્રાથી વંચિત રહી જાય છે. આવી સ્થિતિમાં નવી હજ નીતિમાં આ દરખાસ્તને પણ મહત્વ આપવામાં આવી રહ્યું છે. અમીર લોકો વારંવાર હજ યાત્રા ઉપર પહોંચી જાય છે. આના બદલે હવે જીવનમાં એક જ વખત હજ યાત્રા પર જવાની જોગવાઈ કરવામાં આવે

● અનુસંધાન પાન-૭ પર

# મરાઠવાડામાં માત્ર ૮ દિવસમાં ૩૪ ખેડુતોની આત્મહત્યા

## આઠ મહિનાના ગાળામાં ૫૮૦ ખેડુત દ્વારા આત્મહત્યા

મુંબઈ,તા. ૧૭

દુષ્કાળના કારણે બેહાલ થયેલા મરાઠવાડામાં ફરી એકવાર ખેડુતોની આત્મહત્યાનો દોર શરૂ થઈ ગયો છે. ઓરંગાબાદના વિભાગીય આયુક્તના આંકડા દર્શાવે છે કે સરેરાશ રોજ ચાર ખેડુતો આત્મહત્યા કરી રહ્યા છે. છેલ્લા આઠ દિવસમાં ૩૪ ખેડુત આત્મહત્યા કરી ચુક્યા છે. ઓરંગાબાદ જિલ્લામાં પાંચ, બીડમાં ૧૨, નાંદેદમાં નવ, પરભાણીમાં સાત, જાલનામાં છ, લાતુરમાં પાંચ, ઉસ્માનાબાદમાં ચાર અને હિંગોલીમાં એક ખેડુત દ્વારા આત્મહત્યાના સમાચાર મળી ચુક્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે જાન્યુઆરી ૨૦૧૭થી ૧૫મી ઓગષ્ટ ૨૦૧૭ સુધીના આંકડા દર્શાવે છે કે મરાઠવાડામાં ૫૮૦ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. જો કે સત્તાવાર રીતે આત્મહત્યા માટેના કારણ જાણી શકાયા નથી. જો કે મરાઠવાડામાં આ વર્ષે ફરી એકવાર દુષ્કાળની સ્થિતી સર્જાઈ રહી છે. છેલ્લા ૪૯ દિવસથી મરાઠવાડામાં બિલકુલ વરસાદ થયો નથી. છેલ્લા ચાર પાંચ વર્ષથી મરાઠવાડાથી ઓચા વરસાદના કારણે ઓછો વરસાદ થયો છે. મરાઠવાડામાં વર્ષ ૨૦૧૪માં ૫૫૧, વર્ષ ૨૦૧૫માં ૧૧૩૩ અને વર્ષ ૨૦૧૬માં ૧૦૫૩ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. આત્મહત્યા કરનાર મોટા ભાગના નાના ખેડુતો હોવાની વિગત સપાટી પર આવી છે. આવનાર સમયમાં વધુ ખેડુત આત્મહત્યાના મામલા સપાટી પર આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. છેલ્લા ચારપાંચ વર્ષથી મરાઠવાડામાં ખુબ ઓછો વરસાદ થઈ રહ્યો છે. સિંચાઈની વૈકલ્પિક વ્યવસ્થા પણ ઉભી કરી શકાય નથી. જુલાઈના અંત સુધી ૩૫૫ પૈકી ૨૨૩ તાલુકાઓમાં સરેરાશ ૭૫ ટકાથી પણઓછો વરસાદ થયો છે. આ ઉપરાંત દેવા માફી માટેના લાભ પણ ખેડૂતોને મળી શક્યા નથી. મરાઠવાડામાં અનેક પ્રકારના ખેડૂતો છે જેમાં નાના, મધ્યમ અને મોટા ખેડૂતોનો સમાવેશ થાય છે. નાના ખેડૂતોની સંખ્ ૧૪ લાખથી આપાસની છે જ્યારે મોટા ખેડૂતોની સંખ્યા ઓછી છે. ૨થી પાંચ એકર જમીન ધરાવનાર મધ્યમ ખેડૂતોની સંખ્યા પણ ૧૪ લાખની આસપાસની છે. જાન્યુઆરી ૨૦૧૭થી ઓગસ્ટ ૨૦૧૭ સુધી ખેડૂતોનો આપઘાતનો મામલો ખુબ ઉંચો નોંધાયો છે.



જળપ્રલય - આસામ, ઉત્તરપ્રદેશ અને બિહાર અને પશ્ચિમ બંગાળમાં પુરની સ્થિતીમાં કોઈ નોંધપાત્ર સુધારો થયો નથી. સ્થિતી હજુ પણ ગંભીર બનેલી છે. મોતનો આંકડો ચિંતાજનકરીતે તમામ અસરગ્રસ્ત રાજ્યોમાં વધી રહ્યો છે. બિહાર અને આસામમાં હાલત વધારે ખરાબ છે. એક કરોડથી પણ વધુ લોકો અસરગ્રસ્ત રાજ્યોમાં પુરના સકંજામાં આવી ગયા છે. ટ્રેન સેવા પણ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. આસામમાં પુરની સ્થિતિ વધારે ગંભીર બની છે.

# જયલલિતાના મૃત્યુ મામલામાં જ્યુડિશિયલ તપાસનો હુકમ

## મુખ્યમંત્રી પલાનીસામી દ્વારા તપાસનો આદેશ કરાયો

ચેન્નાઈ, તા. ૧૭

તમિળનાડુના મુખ્યમંત્રી પલાનીસામીએ આજે જાહેરાત કરી હતી કે, તેમની સરકાર પૂર્વ મુખ્યમંત્રી જયલલિતાના મૃત્યુ તરફ દોરી જનાર સંજોગોમાં તપાસ કરવા મદ્રાસ હાઈકોર્ટના નિવૃત્ત જજના નેતૃત્વમાં તપાસ પંચની રચના કરશે. પોશ ગાર્ડન ખાતે જયલલિતાના આવાસને મેમોરિયલમાં ફેરવી નાંખવાની તૈયારી ચાલી રહી છે. આજે બોલાવવામાં આવેલી પત્રકાર પરિષદમાં સચિવલાય ખાતે મુખ્યમંત્રીએ જાહેરાતકરી હતી કે, જયલલિતાના મૃત્યુ તરફ દોરી જનાર સંજોગોમાં તપાસ કરનાર જજના નામની ટૂંક સમયમાં જ જાહેરાતકરવામાંઆવશે. સમયસર રીતે પગલા લેવામાં આવશે. તપાસ પેનલની અવધિ અને શરતો અંગે પણ ટૂંકમાં જ નિર્ણય લેવામાં આવશે. મુખ્યમંત્રીએ જાહેરાત કરી હતી કે, જુદા જુદા વર્ગો અને પ્રજા

● અનુસંધાન પાન-૭ પર

# રાષ્ટ્રગાન વંદેમાતરમ્‌ના અપમાન બદલ તેજસ્વી યાદવ સકંજામાં

પટણા,તા. ૧૭

બિહારના પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને આરજેડીના વડા લાલૂ પ્રસાદ યાદવના પુત્ર તેજસ્વી યાદવ ઉપર દેશના રાષ્ટ્રગીત વંદેમાતરમના અપમાનનો આક્ષેપ કરવામાં આવ્યો છે. તેજસ્વી સામે બિહારના દરભંગા જિલ્લામાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. જુદી જુદી કલમ હેઠળ મામલો દાખલ કરાયો છે. જેડીયુના નેતા ઈકબાલ અન્સારીએ કોર્ટમાં પત્ર દાખલ કરીને કહ્યું છે કે, તેજસ્વી યાદવે ૧૩મી ઓગસ્ટ ૨૦૧૭ના દિવસે રાષ્ટ્રગીત વંદેમાતરમનું અપમાન કરીને વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. આના કારણે દેશવાસીઓ અને દેશના લોકોને દુખ થયું છે. કેટલાક લોકોએ તેમની સામે નારાજગી વ્યક્ત કરી છે.

# ગોરખપુર કાંડ મામલે ઓક્સિજન સપ્લાય કંપની પર આક્ષેપો

ગોરખપુર,તા. ૧૭

ગોરખપુરમાં બાબા રાઘવદાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં તાવના કારણે મોટી સંખ્યામાં બાળકોના મોતને લઈને દેશભરમાં આક્રોશ અને નારાજગી યથાવત છે ત્યારે ગોરખપુર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી તપાસમાં બીઆરડી મેડિકલ કોલેજમાં ઓક્સિજન પુરવઠો ખોરવવા બદલ લખનૌ સ્થિત કંપનીને જવાબદાર ઠેરવવામાં આવી છે. નાણાંકીય બેદરકારીનો આક્ષેપ પણ આમા કરવામાં આવ્યો છે. ૬૦થી વધુ બાળકોના મોત બાદ ગોરખપુર જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ તપાસનો આદેશ કરવામાં આવ્યો હતો. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૦મી ઓગસ્ટના દિવસે હોસ્પિટલમાં ઓક્સિજનના પુરવઠામાં તપાસ કરવામાં આવી હતી.

જોઈએ છે
ઓફિસ આસીસ્ટન્ટ (ફીમેલ)
ઓફીસ કામ તથા કોમ્પ્યુટરના જાણકાર હોવા જરૂરી,
રાજપૂત સમાજના બહેનને અગ્રીમતા આપવામાં આવશે.
મોનીકાબા ડાભી
મો. ૯૭૨૭૨ ૫૨૨૦૯

ફેકલ્ટી જોઈએ છે
GPSC/UPSC/PI
જેવી સ્પર્ધાત્મક વર્ગો માટે
મોનીકાબા ડાભી
મો. ૯૭૨૭૨ ૫૨૨૦૯

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શતમ્ જીવ શરદઃ

બીનાબા શંકરસિંહ રાણાના
જન્મદિને આપના દીર્ઘાયુષની
શુભકામના પાઠવીએ છીએ...
મહિલા રાજપૂત સમાજ, ગાંધીનગરના
જય માતાજી

અમૂલ દૂધ
પીતા હૈ
ઈંડિયા
₹26*/500 mL
અમૂલ
ગોલ્ડ


*MRP (incl. of all taxes). Transportation and cooling charges included. Conditions apply.
For any clarification please contact us on 079-23969055/56/57